# મોટી ક્રાઇસિસ વાતવિસામાની છે

મુંબઈ પાછા ફરવાના દિવસો જેમ જેમ નજીક આવતા જાય છે તેમ તેમ મનમાં એક સમજી શકાય નહીં એવી ઉદાસી ફીલ કરી રહ્યો છું. એક ફિલોસૉફરે બહુ સાચું કહ્યું છે : Man is born free, and everywhere he is in chain. રાઇનર મારિયા રિલ્કે જેવા ગ્રેટ જર્મન કવિએ પણ લખ્યું છે કે, 'સાંજે પક્ષીઓ પોતાના માળા ભણી પાછાં વળે છે ત્યારે એમની પાંખ ઉપર 'હોમિંગ વેઇટ' હોય છે. 'હોમિંગ વેઇટ; એટલે ઘરે પાછા ફરવાનો ભાર. હા, હવે હું ઘરે પાછા ફરવાનો ભાર અનુભવું છું. ખબર નથી પડતી કે આવી ફીલિંગ કેવી રીતે ઉદ્‌ભવી? ખૂબ જ આંતરિક મથામણ કરી. કંઈ સમજાયું નહીં. શૉપિંગ યંત્રવત્ કર્યું. કેટલાંક પુસ્તકો લીધાં. મારી આ મૂંઝવણનું કારણ શોધતો હતો ત્યાં એકાએક મને હરિવલ્લભ ભાયાણીસાહેબ અને મકરન્દ દવે વચ્ચેનો પત્રવ્યવહાર યાદ આવી ગયો.

ભાયાણીસાહેબને નજીકથી જાણનારાને બરાબર ખ્યાલ હશે કે તેઓ ઈશ્વર, પુનર્જન્મ, પરલોક, આત્મા, પુણ્ય અને પાપ જેવી બાબતોમાં લગભગ નાસ્તિકતાનું વલણ ધરાવતા માનવી હતા. તેમનો મદાર તર્ક પર રહેતો હતો, તેમ છતાં ભાયાણીસાહેબ બીજા નાસ્તિકો જેવા શુષ્ક અને મીંઢા નહોતા. પારદર્શક હતા. જીવનરસથી છલકાતા હતા. ખુદ ભાયાણીસાહેબ લખે છે : "જન્માંતરની, પરલોકની મારી સમજ તદ્દન ધૂંધળી છે અને એ અંગે હું સંશયાત્મા છું." આની સામે કવિ મકરન્દનું હાડબંધારણ કે કુળગોત્ર મૂળે એક સાધકનું, અગોચર પરમતત્ત્વના એક આરાધકનું હતું. બહુ જ વહેલી વયે સાક્ષાત્કાર કહી શકાય એવી અનુભૂતિની ભઠ્ઠીમાંથી તેઓ ગુજર્યા છે. કવિ મકરન્દની કાયમી મૂંઝવણ એ હતી કે દુનિયામાં બધું જ મળે છે, પણ 'વાતવિસામો' મળવો બહુ દુર્લભ છે. દાગીના મૂકવા માટે લૉકર મળી શકે, પૈસા મૂકવા માટે બૅન્ક મળી રહે, પણ હૈયાની વાતને મૂકવા માટે 'લાયક' જગ્યા મળવી બહુ મુશ્કેલ છે. જેને-તેને તો વાત કરાય જ નહીં. કોઈ અનર્થ કરે, કોઈ હસી કાઢે, કોઈ દુરુપયોગ પણ કરે. કવિ મકરન્દને 'વાતવિસામા'ની કેટલી બધી અછત લાગતી હતી એનો અહેસાસ મને આજે થાય છે.

હું અમદાવાદ ભણતો હતો ત્યારે ભાયાણીસાહેબ, લાભશંકર, ઉમાશંકર, નિરંજન ભગત મારા માટે 'વાતવિસામો' હતા. મુંબઈમાં હરીન્દ્ર દવે, ઘનશ્યામ દેસાઈ વાતવિસામો હતા. મુંબઈમાં આજે સૌથી મોટી ક્રાઇસિસ 'વાતવિસામા'ની છે. રોચેસ્ટરમાં ડિકન્સ કાફેના સ્વજન જેવા મિત્રોનો પ્રેમાળ 'વાતવિસામો' હું મુંબઈમાં મિસ કરીશ. ઘનશ્યામ દેસાઈ હવે નથી, હરીન્દ્ર નથી, ભાયાણીસાહેબ નથી. મકરન્દના શબ્દોમાં કહું તો "ગઠરી ખોલવાનું કોઈ 'લાયક' ઠેકાણું નથી, હું ભીતરમાં બચકી બાંધીને બેઠો છું." આવો જ વિષાદ ભાયાણીસાહેબને થયેલો. ભાયાણીસાહેબ મકરન્દને પત્ર લખે છે :

*"મકરન્દભાઈ, પત્રની પ્રતીક્ષા હતી. સ્વસ્થ છો, જાણી નિશ્ચિંત. હું શરીરથી સારો થઈ ગયો છું - અશક્તિ ઘટી છે, પણ મન અસ્વસ્થ રહે છે. ઊંડે ઊંડે વ્યાપક વિષાદ. આવા વિષાદનું આક્રમણ પહેલી વાર જ થયું છે. પ્રવૃત્તિઓ એટલે લેખન-સંશોધન અને વાંચન તો ચાલ્યા જ કરે છે. હળવા-મળવાનું, ચર્ચાઓ કરવાનું એમ જ ચાલે છે. બહારથી કશો ફરક પડ્યો નથી, પણ બધાની વ્યર્થતા સતત ડોકાય છે. રાજકારણ, સમાજ, શિક્ષણ, સાહિત્ય, મધ્યમવર્ગીય ભોગવિલાસમાં રચીપચી રહેણીકરણી, આસુરી બળોની વધતી જતી બોલબાલા - આવું બધું અત્યારે તો થોડીક, પણ આસપાસ નજર ફેરવનારાને વગર પ્રયાસે આંખમાં અથડાય છે... આવું બધું શા માટે? શું કામ? અંતિમ અર્થ શો? કઈ દિશા? એવો અવાજ ઊઠ્યા કરે છે... સ્વાસ્થ્ય ઢીલું પડ્યું છે. આવ-જા અટકી ગઈ છે. હું બધી વસ્તુમાં ઓછો-વત્તોય રસ લઈ શકતો, તેની જગ્યાએ હવે Withdrawal (વિડ્રોઅલ)ની મનોદશા પ્રભાવક બનવા લાગી છે."*

ભાયાણીસાહેબના આ શબ્દો ઝીલ કરી રહ્યો છું. મૂળ સમસ્યા વાતવિસામાની છે. મને આ અર્થમાં ઘરે પાછા ફરવાનો ભાર લાગે છે. ઈમેઇલ, મોબાઇલ, લૅન્ડલાઇન ફોન બધું જ છે, પણ વાતવિસામો નથી. પ્લેટો કહી ગયા છે : "Philosophy begins in wonder." હમણાં જ મેં અહીંની લાઇબ્રેરીમાં વિખ્યાત ફિલસૂફ દેરીદાના વર્ગો ભર્યા છે. દેરીદાસાહેબ બહુ જ માર્મિક રીતે કહે છેઃ 'There is nothing outside of the text.' ભાયાણીસાહેબના વિષાદયુક્ત પત્રના જવાબમાં કવિ મકરન્દ લખે છે : *"આપણને એવા વાતાવરણમાં જીવવાનું આવ્યું છે કે વિષાદ ન થાય અને નિરર્થકતા ન લાગે તો જ નવાઈ. સાત્ત્વિક પ્રવૃત્તિઓમાં પણ વિઘાતક પરિબળોનું ચડી વાગે છે. આપણને જે શક્તિ Withdrawal (વિડ્રોઅલ) તરફ લઈ જાય છે એ શક્તિનો હ્રાસ કરતી ઉદાસીનતા નહીં, પણ શક્તિસંપન્ન બનવાની શોધ બની જાય તો?"* દલાઈ લામાએ બહુ સુંદર રીતે કહ્યું છે : *"જૂના મિત્રો મૃત્યુ પામે છે. નવા મિત્રો દેખાય છે. આ મિત્રો દિવસ જેવા હોય છે. જૂના દિવસો જતા રહ્યા છે. નવા દિવસો આવ્યા છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે મિત્રો અર્થપૂર્ણ (Meaningful) બનવા જોઈએ. દિવસો પણ અર્થપૂર્ણ બની જશે."*

# બેશરમ મીડિયા

હું મારી જાતને પત્રકાર નથી કહેતો, પણ મેં અખબારોમાં કૉલમ ખૂબ લખી છે. એ માટે હું ગુજરાતી અખબારોના આ ત્રણ તંત્રીઓને ક્યારેય ભૂલી શકતો નથી. એક તો હરીન્દ્ર દવે, બીજા હસમુખ ગાંધી અને ત્રીજાં પિન્કી દલાલ. "સમકાલીન" અખબારમાં હસમુખ ગાંધીએ મારી પાસે ત્રણ ત્રણ કૉલમ સતત લખાવી છે. અરે, હું બીમાર પડ્યો હોઉં ત્યારે પણ હસમુખ ગાંધી મારે ઘેર સુબાહુને મોકલતા અને હું ખાટલામાં પડ્યો પડ્યો સુબાહુને કૉલમ ડિક્ટેટ કરાવતો. હરીન્દ્ર દવેએ મને કૉલમ લખતો કર્યો. અને પિન્કી દલાલે તો મારી પાસે "કૉફી હાઉસ" ડેઇલી કૉલમ સતત પાંચ છ વર્ષ સુધી લખાવી હતી. આ ત્રણેય તંત્રીઓ પાસે મારું ફ્રીડમ ઑફ એક્સપ્રેશન ખૂબ સલામત હતું. મારો ભિન્ન મત પણ સલામત હતો. 2002માં સત્તાપક્ષની તીવ્ર આલોચના કરતું મૅટર પણ તંત્રી પિન્કી દલાલે 'મુંબઈ સમાચાર"માં નિર્ભયતાથી છાપ્યું હતું. 'દિવ્ય ભાસ્કર'ના તંત્રી કૃષ્ણકાન્ત ને 'ફૂલછાબ'ના તંત્રી કૌશિક મહેતાએ મારા ભિન્ન મતની કૉલમ પ્રેમથી પ્રસિદ્ધ કરી છે. એનો વિશેષ મહિમા હોય છે. આટલો ફ્લૅશબૅક જોયા પછી આજની તારીખે દેશમાં પત્રકારિતાની જે દશા અને દિશા છે એ વિશે મારે થોડુંક લખવું છે. ખાસ કરીને ટેલિવિઝન ન્યુઝ ચૅનલના બિકાઉ પત્રકારો અને રિપોર્ટરો વિશે...

પત્રકારત્વ વિશે વિચારતાં મને હસમુખ ગાંધી અચૂક યાદ આવે છે. હસમુખ ગાંધીએ ગુજરાતી પત્રકારત્વ ઉપર તીવ્ર કટાક્ષ કરતા અનેક પીસ 'સમકાલીન'માં લખ્યા હતા એ મને યાદ આવે છે. આજે ટેલિવિઝનની બિકાઉ ચૅનલોના ઍન્કરો અને રિપોર્ટરોનું લેવલ જોયા પછી મને હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રેસિડન્ટનું રિપોર્ટરો વિશેનું એક વિધાન વાંચવામાં આવી ગયું તે અહીં મૂકું છું : *Harvard University President Charles William Eliot was quoted as saying reporters were 'drunkards, deadbeats, and bummers.' આગળ જતાં પત્રકાર વિશે તે લખે છે : "Journalism is a totally unregulated profession. It always has been and it should always be so, even when it fails miserably to do its job.*

*The dirty little secret about journalism is that you don't need any special training to call yourself a journalist. You don't need a license, you don't need to join a union, and heck, you don't even need a job or income to call yourself a journalist.*

*So, if you would happen to wake up someday disgruntled with your miserable life, you could grab a pen and a paper and write a news story. Once finished, you could declare yourself a journalist. It's that easy."*

બિકાઉ ચૅનલોના રિપોર્ટરો અને ઍન્કરો અસત્યના સોદાગરો છે એ સત્ય સુપ્રીમ કોર્ટ પણ હવે જાહેરમાં કહે છે. વિરોધ પક્ષોએ ખરું આંદોલન તો આ બિકાઉ ચૅનલો સામે કર્યું હોત તો આજે પરિસ્થિતિ જુદી હોત. વ્યક્તિભક્તિની કરુણતા એ છે કે વ્યક્તિ જ્યારે પોતાનું વલણ બદલે છે ત્યારે એના ભક્તોએ થૂંકેલું ફરી ચાટવું પડે છે. આપણે એટલા નસીબદાર છીએ કે કેટલાક તેજસ્વી પત્રકારોએ સત્યની મશાલ પ્રજ્વલિત રાખી છે. હસમુખ ગાંધી કાયમ કહેતા કે હું બીબીસી ચૅનલ સિવાય બીજી કોઈ ચૅનલ જોતો નથી. તેઓ ખૂબ વાંચતા હતા. ભાષાવૈભવ પણ એટલો જ સમૃદ્ધ હતો.

રશ હડસન લિમ્બોગ III (જાન્યુઆરી 12, 1951 - ફેબ્રુઆરી 17, 2021) એક અમેરિકન રેડિયો વ્યક્તિત્વ, રૂઢિચુસ્ત રાજકીય વિવેચક, લેખક અને ટેલિવિઝન શો હૉસ્ટ હતા. તેઓ અમેરિકન રેડિયો ઇતિહાસમાં સૌથી વધુ વળતર મેળવનાર વ્યક્તિઓમાંના એક હતા. 2018માં ફૉર્બ્સે તેમની કમાણી $ 84.5 મિલિયનની યાદીમાં દર્શાવી હતી. રશ જેવા રાજકીય વિવેચક-વિશ્લેષકનાં અનેક પુસ્તકો બહાર પડ્યાં છે. મોટા ભાગે એ પુસ્તકો બેસ્ટ સેલર રહ્યાં છે.

રશ લિમ્બોગનું રિપોર્ટર વિશે એવું નિરીક્ષણ છે કે રિપોર્ટર કે પત્રકાર They're political activists disguised as reporters. અર્થાત્, "દરેક રિપોર્ટર એ પત્રકારના વેશમાં રાજકીય કાર્યકર્તા જ હોય છે." રશનું આ વિધાન અખબારમાં કૉલમ લખતા લેખકોને પણ એટલું જ લાગુ પડે છે. પત્રકારત્વ એ લોકશાહીનો ચતુર્થ સ્તંભ ગણાતો હોય તો એના વિશે વિસ્તૃત ચર્ચા થાય એ લોકજાગૃતિ માટે આવશ્યક છે. એક વિચારક બહુ સાચું કહે છે કે બિલાડી સહુથી સુખી જીવ છે, કારણ કે બિલાડી છાપું વાંચતી નથી. બાકી તો લોકશાહીની હત્યા માટે આપણું મીડિયા જવાબદાર છે. બેશરમ મીડિયા, બેશરમ નેતાઓ ઍરપોર્ટના ભૂમિપૂજનમાં ચીનના ઍરપોર્ટની તસવીર પ્રસારિત કરીને આત્મનિર્ભર ભારતને વિદેશમાં બદનામ કરે છે. આપણે સહુ જુઠાણાના ચોરબજારમાં જીવીને ગુજરી બજારના કસ્ટમર થઈ ગયા છીએ.

# કોઈ ધણીધોરી નથી

હું પોતે ગાંધીજી પ્રેરિત બુનિયાદી શાળામાં ભણેલો વિદ્યાર્થી છું. હું રેંટિયો પણ કાંતતાં શીખ્યો છે. તકલી પણ કાંતી છે. રૂમાંથી પૂણી બનાવતાં મને આવડે છે. મને સર્વધર્મસમભાવની વિનોબાજીની પ્રાર્થના પણ મોઢે છે. શ્રમયજ્ઞ દ્વારા મોરબીની મચ્છુ નદીની ગટર પણ સાફ કરી છે. બાગાયતકામ પણ કર્યું છે, પરંતુ આજે ગુજરાતમાં શિક્ષણનો જે સિનારિયો દેખાય છે એ જોતાં આંખે ચક્કર આવી જાય છે. "શિક્ષણ" શબ્દ કરતાં મને "કેળવણી" શબ્દ વધુ ગમે છે.

નિશાળો વધી છે. કૉલેજો બેસુમાર છે. વિદ્યાપીઠોની સંખ્યા પણ વધી. સરકારી પ્રાથમિક શાળાઓની હાલત અનાથ બાળકોની છાવણી જેવી છે. કોઈ ધણીધોરી નથી. કેળવણીનો પ્રસાર વધ્યો છે, પણ ગુણવત્તા ઝીરો છે. કેટલીક નિશાળોમાં આજે પણ બહુજન સમાજનાં બાળકો સાથે છૂતાછૂતના કિસ્સાઓ અખબારોના પાને ચમકે છે... શિક્ષકોની ભરતીમાં ધક્કેલ પંચાં દોઢસો જેવી હાલત છે. સિલેબસનાં કોઈ ઠેકાણાં નથી. પાઠ્યપુસ્તકો સરકારી પ્રોડક્ટ છે. વિદ્યાર્થીને એમાં બિલકુલ રસ પડતો નથી. વિદ્યાપીઠોમાં રિસર્ચના નામે મોટું તિકડમ્ ચાલે છે. કૉલેજમાં અધ્યાપક થવું હોય તો પીએચડી થવું ફરજિયાત છે એટલે રૅશનિંગ માટે જેમ લાઇન લાગે એમ ડૉક્ટરેટની ડિગ્રી લેવા માટે લાઇન લાગી ગઈ છે. તમે એક પુસ્તકમાંથી એકાદ ફકરો ઉઠાવીને તમારા થીસિસમાં લખો તો એને સાહિત્યચોરી કહેવાય, પણ અનેક પુસ્તકોમાંથી અનેક ફકરાઓ ચોરીને તમારા થીસિસમાં લખો તો એને "રિસર્ચ" કહેવાય છે. શિક્ષણતંત્રના આ બધા પ્રપંચોના જંગલમાં હું ગાંધીજીની તકલી શોધી રહ્યો છું. શ્રમયજ્ઞ શોધી રહ્યો છું. સ્વાવલંબન શોધી રહ્યો છું. ગામડું શોધી રહ્યો છું.

ગામડાની વાત નીકળી છે ત્યારે મને ડૉ. અભય બંગની આત્મકથા 'સેવાગ્રામથી શોધગ્રામ' યાદ આવી ગઈ. આપણાં ગામડાંઓની સ્થિતિ બહુ જ ભયાનક છે. મેડિકલ રિસર્ચના સંદર્ભમાં ડૉ. અભય કહે છે કે, *"ભારતના ડૉક્ટરો ગામડામાં જતા નથી... જાય છે તો રિસર્ચ કરતા નથી. આવા ડૉક્ટરો તરત બહાનું કાઢે છે : "ગામડામાં રહીને રિસર્ચ કેવી રીતે થાય? કોઈ દવાખાનું નથી. લૅબોરેટરી નથી. સગવડ નથી..." જુઓ, ભારતમાં જે કંઈ મેડિકલ રિસર્ચ થયું છે તે બધું જ રિસર્ચ વિદેશી ડૉક્ટરોએ ગામડામાં રહીને કર્યું છે. મલેરિયા એ ભારતનો રોગ છે. તે મચ્છરોથી ફેલાય છે. એનું સંશોધન રોનાલ્ડ રોસ જેવા એક બ્રિટિશ ડૉક્ટરે ગામડાંઓમાં રહીને કર્યું છે. કૉલેરા જેવો રોગ 'vibrio cholerae' જેવાં જંતુઓથી ફેલાય છે એનું સંશોધન રોબર્ટ કોક જેવા યુરોપીય ડૉક્ટરે ગામડામાં રહીને કર્યું છે."* આવું બધું વાંચ્યા પછી એવું લાગે કે ગામડું સાવ હાંસિયામાં ફેંકાઈ ગયું છે. કવિ રાવજી પટેલની કાવ્યપંક્તિ તરત યાદ આવે છે : *"હું તો માત્ર ભૂખથી રિબાતું મારું વલ્લવપુરા ગામ."*

અમેરિકા જેટલો ડૉલર ઇંટોકસીકેટેડ દેશ છે એટલો જ નૉલેજ ઇંટોકસીકેટેડ દેશ છે. ભારતમાં ગ્રામીણ વિસ્તારોમાં નિવાસ કરીને રિસર્ચ કેવી રીતે કરવું એનો જ્ઞાનભંડાર બાલ્ટિમોરની જૉન્સ હૉપકિન્સ વિદ્યાપીઠમાં છે. ભારતનાં ગામડાંનો મહિમા બાલ્ટિમોરની હૉપકિન્સ વિદ્યાપીઠ સમજે છે, પણ ભારતની કહેવાતી વિદ્યાપીઠો કેવળ શહેરી લિબાસ પહેરીને બેઠેલી નગરવધૂઓ જેવી છે. શહેરો એ તો ચામડી ઉપર નીકળેલાં ગૂમડાં જેવાં છે એમ ગાંધીજી કહેતા હતા. રિસર્ચ તો શહેરોમાં બેસીને જ થાય. ફાઇવસ્ટાર સગવડ હોય તો જ સંશોધન કરી શકાય - આવી બીમાર માનસિકતાએ સરસ્વતીને દેશનિકાલ કરી દીધી છે. આપણાં મેડિકલ રિસર્ચ સેન્ટરોને જોતાં અકબર અને બીરબલની એક કથા યાદ આવી ગઈ. એક વાર અકબરે બીરબલને કહ્યું, “બીરબલ, તું આપણા રાજ્યમાંથી દસ મહામૂર્ખને શોધી લાવ.” બીરબલ તો તરત મૂર્ખાઓની શોધમાં નીકળી પડ્યો. ગામેગામ ફરીને એણે નવ જેટલા મૂર્ખાઓ શોધી કાઢ્યા. હવે તો ફક્ત દસમો મૂર્ખશિરોમણિ જ શોધવાનો બાકી રહ્યો.

બીરબલને થયું કે મૂર્ખશિરોમણિ ક્યાંથી શોધવો? એવામાં બીરબલની નજર એક માણસ ઉપર પડી. આ માણસ રાત્રિના અંધારામાં દીવો લઈને કંઈક શોધતો હતો. રસ્તા ઉપર બિચારો શોધાશોધ કરી રહ્યો હતો. બીરબલ એ માણસ પાસે ગયો અને પૂછ્યું, “શું શોધે છે ભાઈ?” પેલો માણસ કહે છે : “મારી વીંટી ખોવાઈ ગઈ છે તે શોધું છું.” આ સાંભળીને બીરબલે સહાનુભૂતિપૂર્વક, પ્રેમથી પૂછ્યુંઃ “ભાઈ, તારી વીંટી ક્યાં ખોવાઈ છે?” પેલો માણસ કહે છે : “મારી વીંટી જંગલમાં ખોવાઈ ગઈ છે તે હું શોધી રહ્યો છું.” આ સાંભળીને બીરબલે તરત કહ્યું, “ભાઈ, તો પછી તારી વીંટી જંગલમાં જઈને શોધને? અહીં શું દીવો લઈને ફાંફાં મારે છે?” હવે પેલો મૂર્ખશિરોમણિ માણસ કહે છે : “જંગલમાં બહુ અંધારું છે. અહીં દીવાબત્તીની સગવડ છે એટલે વીંટીની શોધ હું અહીં કરી રહ્યો છું.” બીરબલને હવે દસમો મૂર્ખશિરોમણિ મળી ગયો.

આપણા દેશમાં મેડિકલ સંશોધનો આ રીતે જ ચાલે છે. આરોગ્યની વીંટી ગામડાંઓમાં ખોવાઈ ગઈ છે અને એની શોધાશોધ શહેરોમાં થાય છે. શહેરોમાં પ્રકાશ છે, વાતાનુકૂલિત ચેમ્બરો છે. નોકરચાકર છે. બધું જ શહેરોમાં છે, પણ ત્યાં કોઈ પ્રશ્ન જ નથી. આપણા શિક્ષણનું શહેરીકરણ થઈ ગયું છે... મોટા ભાગની આદિવાસી પ્રજા હૉસ્પિટલથી ડરે છે. કહે છે, “દવાખાને જતાં અમને બહુ બીક લાગે છે, કારણ કે દવાખાનામાં બધા જ લોકો સફેદ વસ્ત્રો પહેરે છે. અમે તો કોઈ મરી જાય એના મડદાને સફેદ લૂગડું ઓઢાડીએ છીએ. જે લોકો પોતે જ સફેદ લૂગડાં પહેરે છે એ લોકો માણસનો જીવ કેવી રીતે બચાવી શકે?” ગ્રામીણ આદિવાસીઓની આ મનોદશા છે. હવે તો ઇન્ટરનેટના પ્રવેશથી આખું વિશ્વ ગ્લોબલ વિલેજ તરીકે ઓળખાય છે. એક લેખકે બહુ જ સાચું કહ્યું છે કે The sun does not forget a village just because it is small”. બાય ધ વે. મને અહીં જાવેદ અખ્તરનો એક શેર યાદ આવી જાય છે. ઇર્શાદ -

**ऊँची इमारतोसे मकां मेरा घिर गया**
**कुछ लोग मेरे हिस्से का सूरज भी खा गये**

સૂરજ તો ઊર્જાનું પ્રતીક છે. એ સૂરજને મહાનગરોનો રાહુ ગળી ગયો છે. ગાંધીજીનો

શ્રમયજ્ઞ ફરી જીવંત કરવામાં આવે તો આપણી તંદુરસ્તી સાફ રહેશે. ડાયાબિટીસ અને હૃદયરોગ મુઠ્ઠી વાળીને ભાગી જશે. ગાંધીજીએ આપણને સહુને બેઠાડુ જીવનથી આઝાદ કર્યા હતા એ વાત ભૂલવા જેવી નથી. બાકી રિસર્ચ તો ચાલ્યા કરશે. અનેક અસત્યો સત્યનો વેશ કાઢીને આવશે, સંશોધનના નામે પૈસાનો ધુમાડો થશે. બિલ વોગન નામના વિચારક લખે છે : *Money won't buy happiness, but it will pay the salaries of a large research staff to study the problem.*